

''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर

पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

ધન્ય ભાગ્ય જેણે વ્રજમંડળ જોયું

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી, ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ :

પ્રત :

ન્યોછાવર : રૂા. + પોસ્ટેજ ખર્ચ

પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

(૧) આં. પુ. વૈ. પ. ભરૂચ
શ્રી ગોવર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત. ફોનઃ૨૪૫૦૭૪

(૨) શ્રી મહાપ્રભુજીની બેઠક
જિલ્લા પંચાયત પાછળ,
સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : ૨૬૪૬૬૦

(૩) રાજેન્દ્રભાઈ મહેતા, બી-૫૯૦, અલકનંદાપાર્ક,
નારાયણવિદ્યાવિહાર પાસે, ભોલાવ, ભરૂચ. મો.: ૯૩૭૪૬૫૩૯૬૩

મુદ્રક : શ્રીજી ગ્રાફીક્સ
પ્રો. રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ, સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨ ૦૦૧
મો. : ૯૬૬૨૦૨૧૯૭૩



''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर

पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''


આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

ધન્ય ભાગ્ય જેણે વ્રજમંડળ જોયું

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ



Goswami Vagishkumar

Yuvraj - Trutiya Peeth

તા. ૧૫/૧૨/૨૦૧૨

પ.ભ. શ્રી પીયૂષભાઈ પરીખ,

ભક્ત કવિ શ્રી દયારામભાઈએ ભગવાન શ્રીકૃષ્ણની લીલા સ્થળી એવી પાવન ભૂમી વ્રજસ્થળી અંગે તેમા આવતા વ્રજના ઉપવોન, વ્રજના અલૌકિક સ્થળો, વ્રજ-રજ, શ્રી ગિરિરાજી, શ્રીયમુનાજીનું વિશેષ મહત્ત્વ દર્શાવતું પદ રચયું છે અને આ પદને આપે વિવેચન કરી પુસ્તકના રૂપમાં પ્રગટ કરી રહ્યા છો તે સુંદર બાબત ગણાઈ શકાય.

ભગવાન શ્રીકૃષ્ણ આ ભૂતલ ઉપર તેમની લીલાઓ જે સ્થળે રચી અને વ્રજભક્તો તેમજ તેમના નિજ જનોને તે આનંદ આપ્યો છે તેસ્થળનું મહત્ત્વ વિશેષરૂપે હોય જ અને શ્રી પ્રભુના ચરણ કમળ જ્યાં રમણ કરે એ વ્રજરજનો ભાવ અલૌકિક જ કહેવાય. આપની આ પુસ્તક 'ધન્ય ભાગ્ય જેને વ્રજમંડળ જોયું' વૈષ્ણવોમાં ખૂબ જ લોકપ્રિય થાય તેવી મંગળ કામના સાથે શુભાશિષ.



।। श्री गोपालप्रभु विजयते ।।
।। श्री वल्लभप्रभु विजयते ।।
शुध्धद्वैत श्री वल्लभाचार्य पीठ
अनन्त श्री विभूषित जगदगुरु श्रीमद् वल्लभाचार्य
महाप्रभु प्रवर्तित शुध्धद्वैत पुष्टिमार्गीय वैष्णव संप्रदायाचार्य
गो. श्री 108 श्री कुंजेशकुमारजी महोदयश्री



।। श्री वल्लभप्रभु ।।

दिनांक : 14/12/2012

પરમ સ્નેહી ડૉ પીયૂષભાઈ પરીખ
ભરૂચ

ગુજરાતના પુષ્ટિ સાહિત્ય ભક્ત શિરોમણી દયારામભાઈએ ગુજરાતી સાહિત્યમાં પુષ્ટિ ભક્તિના હાર્દની પુષ્ટિ ભક્તો સમક્ષ પદ્યમાં વિવિધ રચનાઓના માધ્યમથી કરેલ કૃતીઓનું વાંચન, શ્રવણ અને ચિંતન આધુનિક ભક્તો માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થયેલ છે.

સત્સંગ અનુરાગી અને અમારા સ્નેહી ડૉ. પીયૂષભાઈ પરીખ દ્વારા 'ધન્ય ભાગ્ય જેને વ્રજમંડળ જોયું' દયારામભાઈની પંક્તિ પર પોતાના ભાવોનું રસપાન કરાવી જે ગ્રંથ પ્રકાશન કરી રહ્યા છે તે માટે અમો ખૂબ જ આનંદસહ શુભાશિષ - શુભકામના પાઠવું છું.

ડૉ. પીયૂષભાઈ દ્વારા પૂર્વમાં પણ પુષ્ટિમાર્ગના પાયાના સિદ્ધાંતોની સમજ માટે તથા વિવિધ ગ્રંથોનું પ્રકાશન અને સંકલન થયું છે. પરંતુ આ ગ્રંથમાં વ્રજ, વ્રજભક્તો, વ્રજલીલા અને જેમના હૃદયમાં વ્રજ વસી ગયું છે તેવા તમામ પુષ્ટિ ભક્તોને આ ગ્રંથ વ્રજલીલા તથા પુષ્ટિ પુરુષોત્તમની રાસસ્થલી, લીલાસ્થલીઓનું અનુસંધાન અનુભવગમ્ય બની રહે એજ ગ્રંથની સફળતા અને સાર્થકતા બની રહેશે.

આગળ પણ આપના દ્વારા પુષ્ટિ ભક્તો માટે ગ્રંથોનું પ્રકાશન થાય અને શ્રીમદ્ આચાર્ય ચરણની કૃપાથી વધુને વધુ સત્સંગમાં રૂચીકર બને તેવા શુભાશિષ સહ શુભકામના.

પ્રાક્કથન

શ્રીમહાપ્રભુજીની આસુર વ્યામોહ લીલા પછી આપશ્રીની બિંદુ અને નાદ સૃષ્ટિના મહાનુભાવોએ આપશ્રીઓના સાહિત્ય, વચનામૃતો તથા આચરણોથી પુષ્ટિ સૃષ્ટિનું જતન કર્યું છે. પુષ્ટિમાર્ગની રક્ષા કરી છે. પુષ્ટિ માર્ગ અને પુષ્ટિ જીવોના તારક બની રહ્યા છે.

આ બંને સૃષ્ટિઓના મહાનુભાવો પૈકી બે વ્યક્તિત્ત્વોનો જન્મ જ જે દિવસે થયો છે તે ધન્ય દિવસ જ આ બંને મહાનુભાવોએ સ્વમાર્ગ તથા પથિકો માટે કરેલ શ્રમની શાખ પૂરે છે.

આ બે મહાનુભાવો એટલે ગો.શ્રી પુરુષોત્તમજી લેખવાળા અને ભક્ત કવિ શ્રી દયારામભાઈ અને આ બંનેનો જન્મ દિવસ એટલે ભાદરવા સુદ એકાદશી - પરિવર્તિની એકાદશી.

આ દિવસે મહર્ષિ શ્વફલ્કના પુત્ર અક્રૂરજીનું ભાવ પરિવર્તન થયેલું. કંસના કહેવાથી શ્રીકૃષ્ણને લેવા ગોકુલ

આવ્યા. ત્યાં સુધી અહંભાવ હતો. ગોકુલના પાદરે શ્રીકૃષ્ણના ચરણારવિંદની છાપના દર્શન થયાં. તે રેતીમાં આળોટયા. અત્યાર સુધી સ્તબ્ધ ભક્તિ હતી હવે તેમાં ભાવ ફલિત થયો. ક્રૂર ભાવનું પરિવર્તન થયું.

આ દિવસે જન્મેલા આ બંને મહાનુભાવોએ વૈષ્ણવ જગતને સાચી દિશા બતાવી અને તે તરફ અગ્રેસર કર્યા. આનાથી વૈષ્ણવી સૃષ્ટિની દશાનું પણ પરિવર્તન કર્યું.

ગો.શ્રી પુરુષોત્તમજી લેખવાળા પર થોડા વર્ષ પૂર્વે મારા દ્વારા ગુણાનુવાદ લખાયા છે. શ્રી દયારામભાઈને અર્વાચીન યુગના ગોપીજન કહ્યા છે. શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણાસ્ય તથા આપશ્રી દ્વારા પ્રકટિત પુષ્ટિમાર્ગ તથા સિદ્ધાંતોને શ્રી દયારામભાઈએ સરલ સાહિત્યમાં સુંદર રીતે સુગ્રથિત કરી લીધા છે.

''એક વર્યો શ્રીગોપીજનવલ્લભ...'' ગાનાર આ અર્વાચીન ગોપીજનને શ્રીગોપીજનની તથા તેમની વલ્લભની જ્યાં સ્થિતિ છે તે વ્રજ પ્રદેશ યાદ આવ્યો હશે, વ્રજની ઝાંખી કરી હશે અને તેનું ગાન થયું હશે જે શબ્દ

દેહ પામ્યું ધોળ તરીકે - ''જેનું ધન્ય ભાગ્ય ભવ માંહ્ય જેણે વ્રજ મંડલ જોયું.''

શ્રી દયારામભાઈના આ પદ્ય પર શ્રીગોપીજન વલ્લભ, શ્રીવ્રજાધિપ પ્રભુના પાદપદ્મે મારી અલ્પ મતિને જેમ પ્રેરી તે રીતે વિવેચન મારા દ્વારા થયું છે. જે આ પુસ્તકમાં પ્રસ્તુત છે.

શ્રી દયારામભાઈના પુષ્ટિમાર્ગ તથા પુષ્ટિજીવો પરના અનુગ્રહનું સ્મરણ કરી મારી આ નામ સેવા શ્રી ગોપીજનવલ્લભના રાસમંડળના આઠ સ્વરૂપો તથા સમગ્ર શ્રીવલ્લભકુળના ચરણકમલોમાં નિવેદીત કરું છું.

આ પુસ્તિકનું વિચોમન પ.પૂ.ગો. ૧૦૮ શ્રી કુંજેશકુમાર મહોદયશ્રીના કરકમલોથી થઈ રહ્યું છે તે માટે કૃતાર્થતાનો અનુભવ કરી આપના પ્રતિ ભાવ તથા આભારની લાગણી સમર્પિત કરું છું.

આં.રા.પુ.વૈ.પ. ભરૂચ શાખા, તેના ઉત્સાહી પ્રમુખ શ્રી અશોકભાઈ દલાલ તથા તેમની સમગ્ર ટીમ, પ્રતિકુળ

પરિસ્થિતિમાં પણ પુસ્તક પ્રકાશન કાર્યમાં ત્વરિત પરિણામ આપવા માટે. ભાઈ રાકેશ મસાણી અને આ સમગ્ર પ્રક્રિયામાં મદદરૂપ થવા બદલ સૌ. વર્ષા, મનિષ તથા તેના ધર્મપત્નિ તૃપ્તિ (ટીની)નો આભારી છું. 'વ્રજ મેરે મન ભાઈ' પુસ્તક તથા તેના લેખક શ્રી રમેશભાઈનો પણ ઋણી છું. પુસ્તકોની વિતરણ વ્યવસ્થાની સેવામાં કાર્યરત સૌ. રૂણા મહેતાનો આભારી છું.

ગો.વા. પ.ભ. બિપીન બિહારીદાસ (તંત્રી વૈષ્ણવવાણી)ની આડીથી આ લેખમાળા લખવાની પ્રેરણા થઈ. તેમનું પણ સ્મરણ કર્યું છે.

પીયૂષ પરીખના

સમસ્ત વલ્લભકૂળને દંડવત્ પ્રણામ

સમસ્ત વૈષ્ણવ સમાજને ભગવદ્સ્મરણ

ડૉ. પીયૂષ પરીખ લિખિત અન્ય પુસ્તકો :

૧. આપણા જ આચાર્ય શ્રીગોપીનાથજી
૨. આપણા જ આચાર્ય શ્રી પુરુષોત્તમજી લેખવાળા
૩. જીવીને જીતી જવાની જડબુટ્ટી (વિવેક ધૈર્યાશ્રય) (ગુજરાતી તથા અંગ્રેજીમાં) ભગવદ્ કૃપાએ આ પુસ્તક દેશ તથા વિદેશમાં લગભગ ત્રીસ હજાર વૈષ્ણવ ઘરોમાં વસે છે.

આં.રા.પુ.વૈ. પરિષદ દ્વારા પ્રકાશિત પુસ્તકો

૪. સંપ્રદાય અને અધિકાર
૫. રસૌવૈસઃ
૬. શ્રીગુસાંઈજી પ્રકટયા ન હોત તો ?
૭. ભક્તિવર્ધિની
૮. અય મન તૂ કરલે સહન (સૂરદાસજી)
૯. કૃષ્ણાશ્રય (અંગ્રેજીમાં)

અન્ય પ્રકાશકો દ્વારા પ્રકાશિત પુસ્તકોમાં લેખન

૧૦. આરતી માટે આરતી
૧૧. શોભા સલુણા શ્યામની

જેનું ધન્ય ભાગ્ય...

જેનું ધન્ય ભાગ્ય ભવ માંહ્ય જેણે વ્રજમંડલ જોયું,
જેણે વ્રજરજમાં તન રોળ્યું તેણે જન્મ મરણ ખોયું. ૧

શ્રીવૃંદાવન રાસરમણ સ્થળ જેણે નયને નિરખ્યું,
તેના ભાગ્યમાં કેટલું સુખ છે તે કોઈએ ન જાય પરખ્યું. ૨

શ્રી યમુનાજળ સ્નાન પાન સેહેજે જેને નૂતન તન મળીયું,
કદાપિ કુચ્છિત કર્મ બને તોએ જમપુરી જાવું ટળિયું. ૩

ચોરાશી કોસની પરિક્રમા કીધી તેને ચોરાશી નથી ભળવું,
વન ઉપવન જોઈ આનંદ આવ્યો તેને હરિસંગ ઠર્યું રમવું. ૪

શ્રી ગોવર્ધન મહારાણી જેણે પ્રેમ ધરીને પૂજ્યાં
તેની એકોત્તર શતપેઢી તરી તેને હરિનાં ચરણ સૂઝયાં. ૫

સેવ્યાને સમર્યા જેણે શ્રીનંદનંદન શ્રી ગોકુળવાસીને,
દયાનો પ્રીતમ તેને પ્રેમે પોતાનો કરી હાથ ગ્રેહે હસીને. ૬

ધન્ય ભાગ્ય જેણે વ્રજમંડળ જોયું

શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિ પુરુષોત્તમને ઓળખાવ્યા અને શ્રી પુષ્ટિ પુરુષોત્તમને આજ્ઞા થકી પ્રકટ કર્યા. જે સ્થળે પ્રકટ કર્યા તે વ્રજ. આ પુષ્ટિસ્થ પ્રભુ શ્રીયશોદા માના ઉત્સંગમાં જ્યાં લાલિત થયા તે વ્રજ. શ્રી નંદબાવાના આત્મજ બની જ્યાં પાલિત થયા તે વ્રજ.

પુતના પ્રભુને મારવા આવી પણ તેને ય જ્યાં સ્વભાવ સુંદરે માતૃ ગતિ આપી તે વ્રજ. આ મીષ કરીને જ્યાંના લોકોની આધિભૌતિક અવિદ્યા દૂર થઈ તે સ્થળ એટલે વ્રજ.

શ્રીબાલકૃષ્ણ અને શ્રીનવનિતપ્રિય બની જ્યાં ક્રમશઃ શકટાસુર વધ, તૃણાવર્ત વધ તથા રીંગણ લીલા અને ઘી-દૂધ તથા માખણ ચોરીની લીલા કરી તે વ્રજ. આ લીલાઓ દ્વારા જે પ્રદેશના લોકોમાં આસક્તિ જન્માવી તે સ્થળ એટલે વ્રજ.

જ્યાં શ્રીગોકુલનાથજી બની શ્રીગિરિરાજ ધારણ

લીલા કરી અને તે મિષથી જ્યાંના લોકોમાં વ્યસન જન્માવ્યું, તે સ્થળ એટલે વ્રજ.

જે ભૂમિમાં વેણુગીત, પ્રણયગીત, ગોપીગીત, યુગલગીત અને ઉદ્ધવગીત પ્રકટયા તે વ્રજ.

જે પ્રદેશના રત્નરૂપ ભક્તોને સ્વરૂપાનંદનું દાન કરવા પ્રભુ શ્રી વિઠ્ઠલનાથજી, શ્રીમદનમોહનજી તથા શ્રીગોકુલચંદ્રમાજી બન્યા અને રાસના મિષથી પરમ ફલનું દાન કર્યું તે દેશ જ વ્રજ.

અદ્ભુત છે વ્રજ, અતિ અદ્ભુત છે ભગવાનની વ્રજલીલા. સારસ્વત કલ્પીય વ્રજલીલાના સ્થળો આજે પણ વ્રજમાં બિરાજે છે. અધિકારી જનોને આજે પણ તે લીલાઓનાં દર્શન થાય છે.

ભક્તકવિ દયારામભાઈ વ્રજવાસના જ અભિલાષી છે. તે ભાવ વ્યક્ત કરતાં ગાય છે કે -

જેનું ધન્ય ભાગ્ય ભવ માંહ્ય જેણે વ્રજમંડળ જોયું,
જેણે વ્રજરજમાં તન રોળ્યું તેણે જન્મ મરણ ખોયું. (૧)

સંસારીને કંસારિ કૃષ્ણમાં ભાગ્યે જ ભાવ થાય છે. ભૌતિક ઉપલબ્ધિઓને જ તે ભાગ્ય માને છે. પુત્ર, પૈસા, પત્ની-પતિ, પદ, પ્રસિદ્ધિ પામવી તે જ ભાગ્ય તેવી તેમની સમજ છે.

ભક્તની નજરમાં આ બધી પ્રાપ્તિઓ ધુમાડાના બાચકા જેવી છે. ભક્તની દૃષ્ટિએ ભાગ્યની વ્યાખ્યા નોખી પણ અનોખી છે. ધન્ય ભાગ તેનું છે જેણે વ્રજમંડલ નિરખ્યું છે.

આદિ શંકરાચાર્યજીએ પ્રવાહી સૃષ્ટિની ઓળખ કરાવતી આજ્ઞા કરી છે. ''પુનરપિ જનમં, પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનમ્.'' જન્મવું, મરવું, ફરી જન્મવું. આ ઘટમાળમાં ભટક્યા કરવું. પ્રાયઃ ઘણા જીવો માટે આ જ વ્યવસ્થા છે. જન્મ અને મૃત્યુના આ વિષચક્રમાંથી જે છૂટયો અને સદાય પ્રભુ નિકટતા પામ્યો તે જીવ ધન્ય ભાગ્ય છે.

વ્રજ રજમાં જેણો પોતાનું શરીર લોટાવ્યું છે તેને આવું ધન્ય ભાગ મળે. શ્રીહરિરાય ચરણો પણ વ્રજરજમાં

લોટવાનો મનોરથ કરે છે. ''તન પુલકિત વ્રજરજમેં લોટત'' પુષ્ટિમાર્ગના પાંચ તત્ત્વો પૈકી વ્રજરજ, પાંચમાં તત્ત્વ તરીકે ગવાય છે.

ઉદ્ધવજી ભગવાનના પરમભક્ત છે. શ્રીકૃષ્ણ કરતાં જરાય ન્યુન (ઓછા) નથી. આવા ઉદ્ધવજી વ્રજમાં ગુલ્મ, લતા કે ઔષધિ થવા માંગે છે. ''આસામહોચરણરેણુ જુષામહં સ્યામ્, વૃંદાવને કિમપિ, ગુલ્મ લતૌષધીનામ્''. શા માટે આવું માંગે છે ? જવાબ એ જ કે શ્રીવ્રજરત્નોના ચરણના સ્પર્શવાળી વ્રજરજ મળે. શ્રી વ્રજરત્નો જે રસ્તે આવાગમન કરતાં હોય તે જગ્યાએ ગુલ્મ, લતા કે ઔષધિ રૂપે વસીએ તો આ ભક્તોના ચરણની વ્રજરજ ઉડીને શરીરે લાગે.

વૃક્ષ નથી બનવું. વૃક્ષ ઉંચુ હોય, વૃદ્ધિ થતાં વાર લાગે. આથી વ્રજભક્તોના ચરણ રજની પ્રાપ્તિ રૂપ ધન્ય ભાગ્ય ન મળે. આવી વ્રજરજની અદ્ભુત કીર્તિનું કીર્તન ઉદ્ધવજી આ રીતે કરે છે.

वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम्

નન્દનું વ્રજ છે. ત્યાંના સ્ત્રી જનોના પાદરેણુઓ અસંખ્ય છે. તેમાં ના એક રેણુને હું જન્મોજન્મ વંદન કર્યા કરું.

કંસનું કહેણ લઈ અક્રૂરજી શ્રીકૃષ્ણ-બલરામને લેવા શ્રી ગોકુળ આવે છે. શ્રી ગોકુળના ગોંદરાની રજમાં શ્રીકૃષ્ણના ચરણ કમલોના નિશાન યુક્ત છાપના દર્શન કરે છે. તેમાં લોટવા લાગે છે. આ રજથી અક્રુરજીમાં પણ પરિવર્તન આવી જાય છે.

આવા ધન્ય ભાગ્યવાળા કોણ છે તેનું વર્ણન કરતાં શ્રી દયારામભાઈ ગાય છે કે -

શ્રીવૃંદાવન રાસ રમણ સ્થળ જેણે નયને નિરખ્યું
તેના ભાગ્યમાં કેટલું સુખ છે તે કોઈએ ન જાય પારખ્યું (૨)

શ્રી ભાગવતના દશમ સ્કન્ધના ૨૧માં અધ્યાય - 'વેણુગીત'માં શ્રી ગોપીજનો વૃંદાવનની કીર્તિ કહે છે. શ્રીવૃંદાવનમાં દેવકી સૂતના ચરણ કમળ બિરાજે છે તેથી

શ્રીવૃંદાવનને શોભા પ્રાપ્ત થાય છે. આવું વૃંદાવન પૃથ્વીની કીર્તિ વધારે છે. પૃથ્વીને ધન્ય છે કે એની ઉપર વૃંદાવન બિરાજે છે. અહીં ભગવાન વિહાર કરે છે.

શ્રીવૃંદા એટલે જલંધરની પત્ની. ભગવાન વિષ્ણુએ જેનો અંગીકાર કર્યો છે તે સતી સ્ત્રી. તેનું આ વન. તુલસીથી શોભિત વન. શ્રીવૃન્દાવન એટલે શ્રી વૃંદ+અવન. શ્રીવૃંદ એટલે ચાર સ્વામિનીજીઓના વૃંદો (યુથો). અવન એટલે પતિ. તે જ શ્રીઠાકોરજી. તે જ વૃંદાવન સ્વરૂપે છે. પોતાને અતિ પ્રિય શ્રીવૃંદાવન છે. તેથી શ્રીઠાકોરજી તે છોડીને બીજે ક્યાંય પધારતા નથી. 'વૃન્દાવનં પરિત્યજ્ય પાદમેકં ન ગચ્છતિ'. પ્રભુની આ પરમ રાસસ્થલી છે. તેનું અપભ્રંશ થયું પરાસોલી. શ્રીવૃંદાવન એટલે વૃંદાવિપિન બિહારીનું રામ રમણ સ્થળ. આ સ્થળ જેણે નિરખ્યું તે આ ભવે ભૂમિ પર ધન્ય ભાગ્ય યુક્ત.

શ્રી દયારામભાઈ અહીં 'નિરખવું' શબ્દ પ્રયોજે છે. માત્ર ભૌતિક દૃશ્ય માટે જ આ શબ્દ અભિપ્રેત નથી. 'નિરખવું' એટલે જાણવું, નાણવું અને માણવું. આ લીલા

સ્થલીને જોઈ એને બુદ્ધિમાં વિચારવી અને હૃદયમા પધરાવવી. શ્રીવૃંદાવન અને તે લીલાનું સ્મરણ, ચિંતન, શ્રવણ અને કીર્તન કરવું તે નિરખવું.

આ બધું એટલી બધી નિષ્ઠા અને ઉત્કટતાથી કરવું કે આપણો કિંચિત્ નિરોધ સિદ્ધ થઈ જાય. શ્રીમહાપ્રભુજી પણ 'એહંનિરુદ્ધઃ' આજ્ઞાથી નિરુદ્ધ થયા છે ને ? આ પ્રકારના નિરોધની એક કણિકા પણ શ્રીવૃંદાવનમાં પ્રાપ્ત થઈ જાય તો તે જન ધન્ય ભાગ્ય છે. તે સુખ કોઈ પારખી શકતું નથી. સુખ એટલે સુ+ખ. 'સુ' એટલે સુંદર અને 'ખ' એટલે આકાશ. સુંદર આકાશ. જેના હૃદયાકાશમાં સુંદર અર્થાત્ શ્રીકૃષ્ણ બિરાજે તે સુખ. શ્રીકૃષ્ણ માપી શકાતા નથી. ''નેતિ નેતિ'' કહી શ્રુતિ જેનો પાર નથી પામી શકતી તેવા શ્રીકૃષ્ણ અને આપ સંબંધી સુખ પણ પારખી ન શકાય તેટલું. વિજ્ઞાનની પરિભાષામાં એક શબ્દ છે. 'Infinite' આ તત્ત્વ તે જ શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણ સુખ પણ 'Infinite' આમ 'પરખ્યું' શબ્દ વિશિષ્ટ ભાવથી પ્રયોજ્યો છે. પરખવું એ એક પ્રકારની પરીક્ષા પણ છે.

હીરાની પરખ બધા થોડા કરી શકે ? એક ગરીબ કઠિયારો હતો. લાકડા લેવા જંગલમાં ગયો. તેણે એક ચમકતો ટુકડો જોયો. તેણે વિચાર્યું કાચ સરસ છે ઘરે છોકરો રાજી થશે. ઘરે આવી ટુકડો છોકરાને રમવા આપ્યો. રમતા છોકરાના હાથમાં ટુકડાની ચમકે એક રાહદારીને આકર્ષ્યો. છોકરાને થોડા પૈસા આપી લઈ લીધો. રાહદારીએ તે ટુકડો એક વેપારીને આપી થોડું અનાજ ખરીદ્યું. વેપારી એ તે ટુકડો એક હજારમાં સોનીને વેચ્યો. સોનીએ તેને વીંટીમાં જડી થોડા હજાર વધુ લઈ ઝવેરીને વેચ્યો. ઝવેરીએ તે ટુકડાને પરખ્યો. અરે ! આતો હીરો. પહેલ પાડયા. રાજાને વેચ્યો. લાખો રૂપિયા કમાયો. 'રાસલીલૈકતાત્પર્યઃ' શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો આ રાસસ્થળ નિરખી શકાય.

રાબડી (ભૌતિક સુખો)થી જે લોકો રીઝે છે તે લોકો ભક્તોના ભાગ્ય સુખને પારખી શકતા નથી. રાસમાં રસેશનો ભોગ કરનાર ભોગીને રાબડીમાં રસ નથી હોતો અને રાબડીએ રીઝતા લોકોને અલૌકિક ભોગીના

ભાગ્યની પરખ ન હોય. કવિશ્રી ઈંગિત કરે છે કે - આ સુખ જેણે જાણ્યું, નાણ્યું અને માણ્યું છે તે જ લોકો તેને પરખી જાણે છે. અષ્ટછાપ કહે છે કે 'જો સુખ હોત ગોપાલે ગાયે.' ગાવું એટલે કીર્તન કરવું. શ્રી વૃંદાવનની લીલાનું ગાન તેજ વાસ્તવમાં 'નિરખ્યું' શબ્દથી ધ્વનિત થાય છે.

ભાગ્યની ધન્યતા કઈ રીતે ? તે કવિ સમજાવે છે.

શ્રીયમુનાજળ સ્નાન પાન સેહેજે જેને નૂતન તનુ મળ્યું
કદાપિ કુચ્છિત કર્મ બને તોએ જમપુરી જાવું ટળિયું (૩)

પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજીનું માહાત્મ્ય અદકેરું છે. પુષ્ટિમાર્ગનું ચોથું તત્ત્વ છે. શ્રી ગંગાજી જીવને પાપ રહિત કરે છે પણ શ્રીકૃષ્ણાને પ્રિય થયા તેનું શ્રેય શ્રીયમુનાજીને છે. શ્રીયમુનાજીનાં સ્નાન અને તેનું પાન કરવું જોઈએ. શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીના ત્રણ સ્વરૂપના દર્શન કરાવે છે. (૧) આધિભૌતિક જળપ્રવાહ (૨) જીવના પાપ દૂર કરવા અને દૂધ સ્વરૂપ તે આધ્યાત્મિક (૩) શ્રીકૃષ્ણના તુર્યપ્રિયા એ આધિદૈવક.

શ્રીમહાપ્રભુજી દમલાજીની સાથે પૃથ્વી પરિક્રમા

કરતાં શ્રી ગોકુલ પધાર્યા. શ્રીગોકુલ વેરાન થઈ ગયું છે. આપશ્રી નક્કી નથી કરી શકતાં કે ગોવિંદ ઘાટ કયો અને ઠકુરાણી ઘાટ કયો ? શ્રીવલ્લભની આટલી ચિંતા શ્રીયમુનાજી સહન ન કરી શક્યા. આધિદૈવિક સ્વરૂપે ષોડશી બની પધાર્યા. શ્રી વલ્લભને બંને ઘાટોની ઓળખ આપી. શ્રીવલ્લભે શ્રી યમુનાષ્ટકમ્થી શ્રીયમુનાજીની સ્તુતિ કરી. દમલાજીને આજ્ઞા કરી કે શ્રીયમુનાજી કેટલા બધા કૃપાળુ છે ? મારી મુંઝવણ આપ સહન કરી શક્યા નહીં.

શ્રીયમુનાજી ખૂબ કૃપાળુ છે. આ કૃપાનો અનુભવ શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ તથા ઘણા ભગવદીયોએ કર્યો છે. 'વ્રજપતિ' છાપથી અષ્ટછાપ કહે છે ''શ્રીયમુનાજી પરમ કૃપાલ જગતમેં, બિનતી કરત તુરત સુન લીની મોપે ભઈ દયાલ.'' શ્રીયમુનાષ્ટકમ્ના 'વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપગોપી વૃતે, કૃપા જલધિ સંશ્રિતે મમ મનઃ સુખં ભાવયં' ગાતાં કિશોરીબાઈ પર કૃપાળુ મા એ અતુલિત કૃપા કરી. કૃપા પણ કેવી ? કે બીજા જન્મે શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલજી સમર્થ શ્રીગોકુલનાથજીના વહુજી બનવાનું

સૌભાગ્ય પ્રાપ્ત થયું. ૪૧ પદોમાં અષ્ટસખાઓએ શ્રીયમુનાજીને માહાત્મ્ય જ્ઞાન પૂર્વક પ્રેમથી ગાઈને ભજ્યા છે.

શ્રીયમુનાજીમાં સ્નાન કરવું કે જલપાન કરવું તે જ જીવનનું ધન્ય ભાગ્ય. પરમાનંદદાસજી ‘યહ માંગો ગોપીજનવલ્લભ’ એ પદમાં માંગે છે કે ‘નિત્ય પ્રતિ શ્રીયમુના ન્હાઉં.’ શ્રીયમુનાજીમાં સ્નાન કરતાં બધા દુઃખો દૂર થાય છે. સુખ સ્વરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. સૂરદાસજી આ વર્ણન કરે છે ‘સુખ કરની દુઃખ હરની શ્રીયમુનાજી જે જન પ્રાત ઉઠ ન્હાવે.’ શ્રીયમુના પાનથી યમયાતના રહેતી નથી. ‘ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ’ (શ્રીવલ્લભ)

આધ્યાત્મિક એક સ્વરૂપ તે દુધમય સ્વરૂપ. શ્રીયમુનાજીના ઘાટો મણિમય અને રત્નમય છે. ભક્તોએ આવા દર્શન કર્યા છે. ગોલોકમાં આ સ્વરૂપે આપ બિરાજે છે. આમ શ્રીયમુનાજીના જળનું પાન પયપાન છે.

શ્રીયમુનાજી આપણા મા છે માટે પયઃપાનની યાજ્ઞા શ્રીવલ્લ કરે છે.

આધિભૌતિક જળ સ્વરૂપ પણ અસામાન્ય છે. બીજી નદીઓના જળપ્રવાહ જેવું નથી. રાસબિહારી શ્રીકૃષ્ણ અને અલૌકિક સામર્થ્ય યુક્ત શ્રીગોપીજનોએ રાસલીલા પછી શ્રીયમુનાજીમાં જલક્રીડા કરી. આ સ્મરશ્રમ જલ (પ્રસવેદ) શ્રીયમુનાજીના નીરમાં બિરાજે છે.

ધ્રુવજીને પરાશરજી જેવા મર્યાદા ભક્તોને અભીષ્ટ દેનારા શ્રીયમુનાજી પોતાના પુષ્ટિજીવો માટે શું ન કરે ? શ્રીયમુનાજી આઠ ઐશ્વર્યો અને આઠ સિદ્ધિઓનું દાન કરે છે. સ્નાન અને પાનથી શરીર નૂતન બને છે. તનુનવત્વની પ્રાપ્તિ થાય છે. આથી પ્રભુ સેવા યોગ્ય દેહ બને છે.

પુષ્ટિજીવોનો ઉત્કર્ષ કરનારા ત્રણ નિધિઓ પૌકી એક શ્રીયમુનાજી છે. પ્રિયતમ જેવા જ આપ શ્યામ છે. આ વર્ણ સમાનતાથી શ્રીઠાકોરજીની યાદ કરાવે છે. આપશ્રીના તરંગ ભુજા છે. જળમાં થતા વમળ કંકણ છે. ચમકતી રેતી આ કંકણના મોતી છે. શ્રી યમુનાજીનું આ

આભરણ જીવના ઉત્કર્ષનું સૂચન કરે છે. મહારાસ પહેલાં શ્રીયમુનાજીએ જ પોતાના તરંગ રૂપી ભૂજાઓથી ચમકતી રેતી પાથરી ને રાસ માટે રંગમંચ સજાવ્યો હતો.

મહાનુભાવો કહે છે કે શ્રીયમુનાજી પુષ્ટિજીવોના વિધાતા છે. સાંપ્રતકાલીન પુષ્ટિ જીવોનો અંગીકાર મર્યાદા પુષ્ટિમાં છે. આ જીવો શ્રીયમુનાજી (પ્રકીર્ણ)ના યુથના છે. આ જીવો શ્રીયમુનાજીમાં સ્નાન-પાનથી ધન્ય ભાગ્યવાળો છે. આવો જીવ ખરાબ કર્મ ન જ કરે. છતાં ય કદાચ કર્મવાસના ખરાબ કર્મ કરાવે તો પણ આ જીવને યમપુરીમાં જવું પડતું નથી. કારણ કે યમરાજા શ્રીયમુનાજીના ભાઈ છે. વીરપસલીમાં શ્રીયમુનાજીને એ મળ્યું કે જે જીવ યમુનાજીનું પાન કરશે તેને યમરાજા કનડશે નહીં. ‘વ્રજપતિ’ છાપથી મહાનુભાવ ગાય છે. ‘‘જો કોઉ મજ્જન કરત નિરંતર તાતે ડરપત હૈ યમકાલ’’.

શ્રી કુંભનદાસજી અને શ્રીગોવિંદસ્વામીને શ્રીયમુનાજીમાં શ્રી સ્વામિનીજી સ્વરૂપના દર્શન થતાં તેથી તે સ્નાન કરતાં ન હતાં. તે સ્મરણ પણ કરવું રહ્યું.

શ્રીયમુના પાનમાં એક અર્થ એવો પણ ઈંગિત છે કે શ્રીયમુનાજીના સતત ગુણાનુવાદ શ્રવણ કરવા. શ્રીભાગવતમાં કહ્યું છે 'પીબત ભાગવતં રસમાલયમ્ મુહુઃ' શ્રીભાગવતજી રસ છે. તેને કર્ણરૂપી પડિયાથી પીવો. પાન કરો અર્થાત્ સાંભળો. આ ન્યાયે જળને રસ પણ કહે છે. તેથી શ્રીયમુનાપાન એટલે શ્રીયમુનાજીના ગુણાનુવાદનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું. શ્રીયમુનાષ્ટકમ્, ૪૧ પદો, શ્રીયમુનાજીના કીર્તનો વગેરે કૃતિઓનું શ્રવણ કરવું તે પણ યમુનાપાનનો પ્રકાર થશે. આ રીતે શ્રીયમુનાજીમાં સ્નાન કરનારા અને પાન કરનારા જીવો ધન્ય ભાગ્ય છે.

ચોરાશી કોસની પરિક્રમા કીધી તેને ચોરાશી નથી ભળવું
વન ઉપવન જોઈ આનંદ આવ્યો તેને હરિસંગ ઠર્યું રમવું. (૪)

વ્રજ ચોરાશી કોસમાં વ્યાપેલું છે. આથી વ્રજની પરિક્રમા ચોરાશી કોસની હોય છે. આપણા માર્ગમાં ચોર્યાશીનો અંક વિશિષ્ટ મહત્ત્વ વાળો ગણ્યો છે. શ્રીમહાપ્રભુજીના સેવકો ચોર્યાશી, શ્રીમહાપ્રભુજીની

બેઠકો ચોર્યાશી, ગદ્યમંત્રના અક્ષરો ચોર્યાશી, ભક્તિના પ્રકારો ચોર્યાશી અને વ્રજની પરિક્રમા પણ ચોર્યાશી કોસની.

ચોરાશીમાં આઠનો અંક આઠ ઐશ્વર્યો અને અષ્ટસિદ્ધિનો દ્યોતક છે. ચારનો અંક ચાર પુરુષાર્થો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) સૂચવે છે. ચારનો અંક શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની એકરૂપતા સૂચવે છે. ચારનો અંક પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલનો સૂચક છે. ત્રણ પ્રકારના સગુણ અને નિર્ગુણ એમ ચાર પ્રકારના ભક્તોનું પણ ચારનો અંક સૂચન કરે છે. વેદો પણ ચાર છે. યુગો પણ સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચાર છે. આઠ અને ચારનો સરવાળો કરતાં બાર આવે. ''દ્વાદશ અંગ વૈઃ પુરુષઃ'' પુરુષ (શ્રીઠાકોરજી) બાર અંગવાળા છે. બારનો અંક આ શ્રુતિને સૂચવે છે. આઠ અને ચારનો ગુણાકાર કરતાં બત્રીસનો અંક આવે. શણગાર સોળ હોય, યુગલસ્વરૂપને ગણતાં બત્રીસ શણગાર થાય. બત્રીસનો અંક આવી યુગલ

સ્વરૂપના શણગારની ભાવના ધરાવે છે.

આમ કહી શકાય કે ચોરાશી કોસની પરિક્રમા કરનાર જીવોને અષ્ટસિદ્ધિ અને અષ્ટ ઐશ્વર્યોનું પ્રદાન થાય છે. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ પણ સિદ્ધ થઈ જાય ચે. આ જીવોને શ્રીઠાકોરજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીમાં 'તેઈ એઈ, એઈ તેઈ કછુ ન સંદેહ' એ ભાવથી દર્શન થાય છે. ચારેય પ્રકારના ભક્તોનો ઉત્કર્ષ આ ભૂમિથી જ છે. ચારેય વેદો પ્રતિપસ્ત સ્વરૂપ (શ્રીકૃષ્ણ) 'વેદૈઃ સર્વરહમેવ વેદ્યઃ' એ ઉક્તિ અનુસાર પ્રાપ્ત કરાવી દે છે વ્રજના ચોરાશી કોસની ભૂમિ અને ચારેય યુગોમાં સર્વે જીવોને કૃતાર્થ કરનારું સાધન પણ આ ચોરાશી કોસની વ્રજભૂમિ જ છે.

મહારાસમાં ''દ્વૈ-દ્વૈ ગોપી બીચ બીચ માધો'' - ૮ ગોપીજનો છે. બેના જોડકાની વચ્ચે એક કૃષ્ણ કહેતાં ૪ કૃષ્ણના સ્વરૂપો છે. આમ ચોરાશીનો અંક મહારાસની સુધિ કરાવે છે. યથાધિકાર મહારાસની ઝાંખી કરાવે છે ચોરાશી કોસની વ્રજભૂમિ. શ્રીકૃષ્ણના અત્યંત કૃપાપાત્ર

જીવોને મહારાસની પ્રાપ્તિ પણ કરાવી આપે છે આ ૮૪ કોસની વ્રજભૂમિ. શ્રીગુસાંઈજીની સેવિકા વડનગરવાળી બ્રાહ્મણ સ્ત્રી વૈષ્ણવ આનું જ દૃષ્ટાંત છે. તેના પતિને શ્રીગુસાંઈજીએ આવા દર્શન કરાવ્યા હતા.

વ્રજને કમળ કહ્યું છે. ચોરાશી કોષમાં આવતા સ્થળો આ કમળની પાંખડીઓના ત્રણ દલના આકારે રહેલા છે. હવે આપણે દલ પ્રમાણે તેની સ્થિતિ જોઈએ.

(૧) અંદરના આઠ દલ : ૧. મથુરા, ૨. મધુવન, ૩. તાલવન, ૪. કુમુદવન, ૫. સાન્ત્વન કુંડ, ૬. ગંધેસરા, ૭. બહુલાવન, ૮. જિખિન ગામ.

(૨) બીજાં બહારના સોળ દલ : ૧. રાધા-કૃષ્ણ કુંડ, ૨. કુસુમ સરોવર, ૩. માનસી ગંગા, ૪. ઋણમોચનાદિ - ચાર કુંડ જમનાવતા ગામ, ૫. અડીંગ, ૬. પરાસોલી, ૭. પેઠાંગામ, ૮. અન્યોર, ૯. ગોવિંદ કુંડ, ૧૦. અપ્સરા કુંડ, ૧૧. શ્યામ ઢાક, ૧૨. ઢુકા-દાઉજી, ૧૩. ગોવિન્દસ્વામીની કદંબ ખંડી, ૧૪. રુદ્ર કુંડ, ૧૫. પૂજની શિલા, ૧૬. શ્રીગુસાંઈજીનું પ્રવેશ દ્વાર.

(૩) પછીના બીજાં બહારના બત્રીસ દલ :

૧. બિલછુ કુંડ, ૨. ગાંઠયોલી કદંબખંડી, ૩. આદિ બદરી, ૪. ખિસકની શિલા, ૫. કનવારા, ૬. ચિત્ર-વિચિત્ર શિલા, ૭. બરસાના, ૮. સાંકડી ખોર, ૯. ગહવર વન, ૧૦. નોવારી-ચોવારી, ૧૧. સંકેતવન, ૧૨. શ્રીનન્દગામ, ૧૩. જલવિહાર કુંડ, ૧૪. પૂર્ણમાસી મંદિર, ૧૫. પિસાયાની કદંબખંડી, ૧૬. કૃષ્ણકુંડ, ૧૭. બઠેન, ૧૮. કોટવન, ૧૯. અક્ષયવટ, ૨૦. નન્દઘાટ, ૨૧. સકરાઘાટ, ૨૨. રામતાલ, ૨૩. નરી સૈમરી, ૨૪. કાલી દહ, ૨૫. વંશીવટ, ૨૬. ગહ્વરવન વૃન્દાવન પાસે, ૨૭. માટ ગામ, ૨૮. ગોપાલપુર, ૨૯. બંદી, ૩૦. ગોપકૂપ, ૩૧. શ્રીવલ્લભઘાટ, ૩૨. શ્રીઠકુરાણીઘાટ.

આમ, કુલ છપ્પન દલો છે. છપ્પન ભોગની ભાવનાથી ભાવિત છે. વ્રજપરિક્રમામાં સામાન્યતઃ મુકામના સ્થળોનો ક્રમ આ પ્રમાણે હોય છે. ૧. મથુરા, ૨. મધુવન, ૩. શાંતન કુંડ, ૪. બહુલાવન, ૫. કુસુમ સરોવર, ૬. ચંદ્ર સરોવર, ૭. જતિપુરા, ૮. ડીગ, ૯.

ઘાટા (સેવ), ૧૦. કામવન, ૧૧. બરસાના, ૧૨. કરહેલા, ૧૩. નંદગામ, ૧૪. જાવ (કોકીલાવન), ૧૫. કોટવન, ૧૬. કોશી, ૧૭. પૈગામ, ૧૮. શેરગઢ, ૧૯. ચીરઘાટ, ૨૦. બચ્છવન, ૨૧. વૃંદાવન, ૨૨. લોહવન, ૨૩. દાઉજી, ૨૪. શ્રીગોકુલ, ૨૫. મથુરા.

આવા મહાત્મ્ય યુક્ત ચોરાશી કોસની પરિક્રમાથી પ્રેમલક્ષણા ભક્તિનું પણ દાન થઈ જાય છે. આવો જીવ જીવતાં પણ શ્રીઠાકોરજીની સેવા કરે છે અને ભૂતલ છોડીને નિત્યલીલામાં જઈને પણ શ્રીઠાકોરજીની સેવા જ કરે છે. શાસ્ત્રોએ ૮૪ લાખ યોનીઓ જીવ માટે બતાવી છે. ચોરાશીનો અંક આ યોનીઓનો સૂચક પણ છે જ. ૮૩,૯૯,૯૯૯ યોનીઓમાં ભટકી મનુષ્ય જીવન પ્રાપ્ત થાય ચે. આ જીવનમાં જ સાચી રીતે ચોરાશી કોસની પરિક્રમા થાય તો પ્રભુની નિત્ય સેવા જ કરવાની છે. પાછા ચોરાશી લાખ યોનીના ચક્કરમાં આવવું પડતું નથી. તે યોનીઓમાં પુનઃ ભળવાનું રહેતું નથી.

ચોરાશી કોસની આ વ્રજભૂમિમાં વનો તથા

ઉપવનોનું સ્થાન આગવું છે. બારવનો : ૧. મધુવન, ૨. તાલવન, ૩. કમોદવન, ૪. બહુલાવન, ૫. કામવન, ૬. ખિદરવન, ૭. વૃંદાવન, ૮. ભદ્રવન, ૯. ભાંડીરવન, ૧૦. બેલવન, ૧૧. લોહવન, ૧૨. મહાવન.

ચોવીસ ઉપવનો : ૧. શ્રીગોકુલ, ૨. શ્રીગોવર્ધન, ૩. બરસાના, ૪. નંદગામ, ૫. સંકેતવન, ૬. પરમંદરા, ૭. અડીંગ, ૮. શેષશાઈ, ૯. માટવન, ૧૦. ઉંચો ગામ, ૧૧. બેલવન, ૧૨. શ્રીકુંજ, ૧૩. ગંધર્વવન, ૧૪. પરાસોલી, ૧૫. બિલછુવન, ૧૬. બચ્છવન, ૧૭. આદિબદરી, ૧૮. કરહેલા, ૧૯. અંજનખોર, ૨૦. પિયોસા, ૨૧. કોકિલાવન, ૨૨. દધિવન, ૨૩. કોટિવન, ૨૪. રાવલ.

શ્રી દયારામભાઈ કહે છે કે આ બાર વન અને ચોવીસ ઉપવનો જેણે જોયા અને એ જોઈને જેને આનંદ આવ્યો તેને હરિની સાથે રમવાનું મળે છે. હરિનો સંગ તેને થઈ જાય છે. હરિ સંગે રમણનું સૌભાગ્ય પ્રાપ્ત થઈ જાય છે. વન અને ઉપવનને જોવાં એટલે માત્ર ભૌતિક

દૃષ્ટિએ જોવાં એવું નહીં પણ તે વનો અને ઉપવનોમાં પ્રભુએ કરેલી લીલાનું અવગાનહ કરવું. તે લીલાઓનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું. પ્રભુ આનંદ સ્વરૂપ છે. ''આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ''. પ્રભુનું મુખ, કર, પાદ, ઉદર એ બધું આનંદરૂપ જ છે જેમ સાકરની પુતળીના બધાં અંગો સાકર જ હોય છે તેમ પ્રભુના સ્વરૂપમાં તથા તેમની લીલામાં અભેદ હોય છે. આથી આનંદરૂપ પ્રભુની લીલા પણ આનંદવાળી છે. વનો અને ઉપવનો ને જોઈ આનંદરૂપ પ્રભુ અને તેમની આનંદરૂપ લીલાના દર્શન થતાં જ જીવને આનંદ પ્રાપ્ત થાય છે.

જીવતો ગુપ્તાનંદ છે. પ્રભુ પોતાના આનંદ સ્વરૂપને આવા ભક્તોમાં પધરાવી તે જીવના ગુપ્તાનંદને પ્રકટ કરે છે. જેમ લાકડામાં અગ્નિ છે પણ તે સળગતું નથી પણ બહારથી અગ્નિનો સંપર્ક થાય ત્યારે લાકડામાં રહેલ અગ્નિ સળગી ઉઠે છે. આજ રીતે આનંદ સ્વરૂપ જીવમાં પ્રવેશતાં જીવનો ગુપ્તાનંદ પ્રકટ થઈ જાય છે. ફલ સ્વરૂપ જીવના લૌકિક પ્રપંચનો નાશ થાય છે. અલૌકિક પ્રપંચની

પ્રાપ્તિ થાય છે. પ્રભુએ કરેલ આ જીવનો નિરોધ છે. આવા અલૌકિક દેહથી જીવ પ્રભુ સાથે રમણ પણ કરે છે. રમણ પણ આંતર અને બાહ્ય એમ બે પ્રકારનું છે. શ્રી મહાપ્રભુજીએ સેવાફલમાં બતાવેલ અલૌકિક સામર્થ્યની પ્રાપ્તિ થઈ જાય છે.

આમ ચોરાશી કોસની પરિક્રમાનો એ પ્રભાવ છે કે જ્યાં જીવ પર આનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણ અને આનંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની કૃપા થઈ જાય છે જીવનો નિરોધ સિદ્ધ થઈ જાય છે. જીવમાં અલૌકિક સામર્થ્ય આવતાં જીવ ભોક્તા બને છે અને પ્રભુ ભોગ્ય બને છે.

શ્રીગોવર્ધન શ્રીમહારાણી જેણે પ્રેમ ધરીને પૂજ્યાં
તેની એકોત્તર શત પેઢી તરી તેને હરિનાં ચરણ સૂઝયાં (૫)

શ્રી દયારામભાઈના આ પદમાં આ પંક્તિમાં દર્શાવેલ શ્રીગોવર્ધન અને શ્રીમહારાણીમા વિષે આગળ કિંચીત્ અવગાહન કર્યું. આપણે પુષ્ટિમાર્ગના આ બે તત્ત્વોનું માહાત્મ્ય જાણ્યું. માહાત્મ્ય જાણવાથી આપણાને આ બે તત્ત્વોમાં પ્રેમ થશે અને આપણે એ બંનેને પૂજીશું.

શ્રીમહાપ્રભુજી પણ શ્રીનારદજીના ભક્તિસૂત્રનો આગ્રહ કરતાં એજ યાજ્ઞા કરે છે કે 'માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સર્વતો અધિક સુદઢ સ્નેહ ઈતિ ભક્તિઃપ્રોક્ત' - માહાત્મ્યજ્ઞાનથી પ્રભુમાં સર્વથી અધિક અને દઢ એવો સ્નેહ થાય ત્યારે તે ભક્તિ બને છે. શ્રીગોવર્ધન અને શ્રીમહારાણીજીમાં એ બંનેના માહાત્મ્યનું જ્ઞાન એ બંને માટે ભક્તિ કરાવશે. શ્રીદયારામભાઈ કહે છે શ્રીગોવર્ધન અનો શ્રીમહારાણીજીને જે પ્રેમથી સેવે છે તેની સોવાર ઈકોતેર પેઢી તરી જાય છે અને હરિના ચરણની પ્રાપ્તિ થાય છે.

આમ તો આપણા ત્યાં નિષ્કામ ભક્તિનો - પ્રેમલક્ષણા ભક્તિનો પ્રકાર છે. આથી સેવાનો કોઈ બદલો આપણા સંપ્રદાયમાં ભક્તો ઈચ્છતા નથી. સેવાને સ્વધર્મથી જ કરવાની છે. સેવાનું ફલ પણ સેવા જ છે. છતાં અહીં દયારામભાઈ આવા ભક્તની સો વાર ઈકોતેર પેઢી તરી જાય એવું કહે છે. એનું કારણ એટલું જ કે શ્રીગોવર્ધન અને શ્રીમહારાણીજીની પ્રેમ પૂર્વકની પૂજા ભક્ત તો નિષ્કામ ભાવથી જ કરે છે પણ એ ભક્તિનું સામર્થ એટલું

બધું છે કે તે ભક્તની ઈકોતેર પેઢીઓનો સોવાર ઉદ્ધાર કરે છે.

ઉદ્ધવગીતમાં ઉદ્ધવજીવને શ્રીગોપીજનોના પરમાત્મામાં નિગૂઢ ભાવને જોઈ આશ્ચર્ય થાય છે. ગોપીજનો સ્ત્રી છે. એય પાછા અહિર જાતિનાં અને વનમાં ભટકનારા તો પણ પરમાત્મા કૃષ્ણમાં આવો નિગૂઢ ભાવ? ઉદ્ધવજી તેમની જાતે જ સમાધાન શોધે છે કે અમૃતને ન જાણનાર પણ અમૃત પીવે ત્યારે અમૃત તો તેના ગુણો પ્રકટ કરીને પીનારને અમરત્વ આપે જ છે. એમ ભગવદ્‌ગુણગાન - પૂજન પણ છે જ એવા સ્વભાવવાળાં કે ભક્તોની પેઢીઓની પેઢીઓનો પણ ઉદ્ધાર કરી દે છે.

શ્રીનૃસિંહજી પણ પ્રહ્‌લાદજી જેવા ભક્તની ભક્તિ જોઈને પ્રહ્‌લાદજીની ઈકોતેર પેઢી તરી ગયાના આશિષ આપે છે. પ્રભુથી વ્યુચ્ચરિત થયા પછી આપણી પણ કેટલીય પેઢીઓ થઈ ગઈ હશે ? કોને ખબર ? પણ શ્રીગોવર્ધન - શ્રીમહારાણીની પ્રેમ સહિત કરેલી ભક્તિ પેલા અમૃતના

દૃષ્ટાંત જેવું કામ કરી તે ભક્તના બધા પૂર્વજોનો ઉદ્ધાર કરી દે છે.

દામોદરદાસ હરસાનીજીના પ્રસંગમાં જોઈએ. શ્રાદ્ધ પક્ષમાં શ્રીગુસાંઈજી દામોદરદાસજીના ઘરે પધાર્યા. દામોદરદાસજીના પિતાના શ્રાદ્ધનો દિવસ હતો. શ્રીગુસાંઈજીના હાથે તે સંપન્ન થયો અને દામોદરદાસના સઘળા પિતૃઓનો ઉદ્ધાર થયો. એટલું જ નહીં શ્રીહરિરાયજી તો એ ભાવ પ્રકાશ કરે છે કે દામોદરદાસજીના પિતૃઓના મિષથી બધા જ વૈષ્ણવોના પિતૃઓનો ઉદ્ધાર થઈ ગયો છે.

આમ આ બધા પ્રસંગોથી એજ સિદ્ધ થાય કે નિરૂપાધિક સ્નેહના આ માર્ગમાં ભગવદ્ સ્વરૂપોનું પ્રેમથી કરેલું પૂજન અને સેવન આપણા પૂર્વજોને પણ કૃતાર્થ કરનારું છે.

શ્રીદયારામભાઈ આવા ભક્તને પ્રાપ્ત થનારા બીજા ફલની પણ વાત કરે છે. ''તેને હરિના ચરણ સૂઝયાં''. અહીં સૂઝયા શબ્દ ખૂબ વિચાર પૂર્વક ગોઠવ્યું હોય તેમ

જણાય છે. વ્યક્તિ જોઈ શકતો હોય છતાં પણ જો અંધારું હોય તો તેને વસ્તુ દેખાતી નથી, સૂઝતી નથી, જડતી નથી, મળતી નથી. જ્યારે અંધારું હઠે અને પ્રકાશ રેલાય ત્યારે નહીં સૂઝતી વસ્તુ સુઝે. નહીં દેખાતું દેખાય. નહી જડતું જડે, નહીં મળતું મળે. હરિ તો બિરાજે જ છે પણ અજ્ઞાન રૂપી અંધકાર અને અધ્યાસ પ્રભુને જોવા દેતો નથી. પ્રભુનો અનુભવ કરવા દેતો નથી.

શ્રીગોવર્ધન - શ્રીમહારાણીનું પ્રેમ પૂર્વક સેવન કરતાં સેવનારના અધ્યાસો દૂર થાય છે. જ્ઞાન રૂપી પ્રકાશથી તેનું હૃદય ભરાય છે અને નેત્રોમાં જ્ઞાનનું અંજન થાય છે. પરિણામે હરિના ચરણ સૂઝે છે. પ્રાપ્ત થાય છે. આમ અહીં પુષ્ટિમાર્ગીય સેવાનું ફલ સેવા રૂપે પ્રાપ્ત થાય છે. હરિના ચરણ પ્રાપ્ત થવાં એટલે હરિ પ્રાપ્ત થવાં હરિનો આશ્રય પ્રાપ્ત થવો.

હરિ શબ્દ પણ ખૂબ વિચારથી અહીં યોજ્યો જણાય છે. હરિ એટલે જે હરણ કરે છે તે. પોતાના જનોની ત્રિવિધ આર્તિ, ત્રિવિધ દુ:ખો અને ત્રિવિધ દોષોનું હરણ કરનાર

આપમાં હરિ છે. શ્રી મહાપ્રભુજી યાજ્ઞા કરે છે. ''સર્વ સમર્પિતો ભકત્યા કૃતાર્થોસિ સુખી ભવ''. અર્થાત્ પ્રેમથી બધું પ્રભુને સમર્પી દો. આથી તમે કૃતાર્થ થશો. સુખી થશો, શ્રીકૃષ્ણ સ્વરૂપ શ્રીગોવર્ધન, શ્રીમહારાણીજીની પ્રેમમયી ભક્તિ આથી જ ભક્તોને સર્વ રીતે કૃતાર્થ કરી સુખી કરે છે. હરિના ચરણનું શરણ પ્રાપ્ત કરાવે છે.

હરિના ચરણ પણ ત્રણ પ્રકારના છે. એમ શ્રીમહાપ્રભુજી યાજ્ઞા કરે છે. બે ચરણ આધિભૌતિક- સત્સંગ અને શ્રીભાગવત. બે ચરણ આધ્યાત્મિક - જ્ઞાન અને ભક્તિ. બે આધિદૈવિક ચરણ - પ્રકટ પ્રભુના. આમ શ્રીગિરિરાજજી, શ્રીયમુનાજીની ભક્તિ આપણને આપણા અધિકાર પ્રમાણે હરિ ભગવાનના છ ચરણો પૈકી કોઈપણ ચરણોનું દાન કરી દે છે. આને આપણા પૂર્વજોનો ઉદ્ધાર એતો વધારામાં.

આમ શ્રીગોવર્ધન, શ્રીમહારાણીજીનાં પ્રેમ પૂર્ણ પૂજનનો આટલો બધો પ્રભાવ છે.

શ્રીગોવર્ધનનું સ્વરૂપ : શ્રીગોવર્ધન પર્વત શ્રીગિરિરાજજી તરીકે પણ ઓળખાય છે. શ્રી ભાગવતજીમાં એમને હરિદાસવર્ય તરીકે ઓળખાવ્યા છે. હરિદાસ એટલે પ્રભુના દાસ અને તે બધા દાસોમાં શ્રેષ્ઠ એ શ્રીગોવર્ધન છે. શ્રીભાગવતમાં ચાર હરિદાસ છે. તે સેવાનું સુખ સ્વતઃ માણે છે. શ્રીગોવર્ધન તો હરિદાસવર્ય છે આથી પોતે કરવાની સેવા અન્ય ને કરવા દે છે અને તે રીતે અન્યને સેવા સુખ આપે છે. ભિલ સ્ત્રીઓને શ્રીગોવર્ધનનો સંગ થયો. ઉત્થાપન સમયે આ ભિલ સ્ત્રીઓ દ્વારા પ્રભુને ભોગ ધરાવડાવ્યો. આથી આ ભિલ સ્ત્રીઓ પણ ''પૂર્ણ'' બની ગયાં. હરિદાસવર્ય શ્રીગોવર્ધન માટે દસમ સ્કંધના એકવીસમા અધ્યાયના અઢારમાં શ્લોકમાં સુંદર વર્ણન છે.

हन्तायमद्रिरबला हरिदासवर्यो यद् रामकृष्ण चरणस्पर्शप्रमोदः ।
मानं तनोति सहगोगणयोस्तयोर्यत्, पानीयसूयवसकन्दरकन्द मूलैः ।।

અર્થાત્ - અરે ગોપીયો ! આ ગિરિરાજ ગોવર્ધન તો ભગવાનના ભક્તોમાં ખૂબ જ શ્રેષ્ઠ છે. ધન્ય છે એના

ભાગ્યને પ્રાણવલ્લભ શ્રીકૃષ્ણ અને નયનાભિરામ બલરામના ચરણ કમલોના સ્પર્શને પામી તે કેટલા આનંદિત થઈ રહ્યા છે ! એમના ભાગ્યની સરાહના કોણ કરી શકે ? એઓ તો રામકૃષ્ણ, ગ્વાલબાલ અને ગાયોનો ખૂબ જ સત્કાર કરે છે. સ્નાન પાન માટે ઝરણાઓનું જલ આપે છે. ગાયો માટે લીલુ સુંદર ઘાસ ધરે છે. વિશ્રામ માટે કંદરાઓ અને ખાવા માટે કન્દ-મૂલ અને ફલ આપે છે. વાસ્તવમાં એ ધન્ય છે.

શ્રીહરિરાયચરણો આથી જ ગાય છે ''હોં હરિદાસ વર્ય પે વારી''.

શ્રીમહાપ્રભુજી ચંદ્રસરોવર બિરાજતાં હતા તે વખતે એક વૈષ્ણવે પૂછયું કે મારે શ્રીગોવર્ધનના સાક્ષાત દર્શન કરવા માટે શું કરવું જોઈએ ?આ વખતે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે શ્રીગોવર્ધનની ભાવપૂર્વક, અટક્યા વગર ત્રણવાર પરિક્રમા કરીએ તો શ્રીગોવર્ધન ગ્વાલ રૂપે, સિંહ રૂપે, શસ્ત્રધારી રૂપે, સફેદ સર્પ રૂપે અને ગાય રૂપે દર્શન આપે છે. શ્રીવલ્લભાખ્યાનમાં શ્રીગોપાલદાસજીએ

શ્રીગોવર્ધનનું વર્ણન કરતાં ગાયું છે :

પદ્મરાગ મરકત મણિ, સ્ફાટિક શ્રીગોવર્ધન સોહે,
બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રી હરિનાં મન મોહે,
નાના પક્ષીની શબ્દ મધુરી, શોભા તણો નહીં પાર,
વિવિધ પ્રકારે જુજવાં કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર.

આમ શ્રીગોવર્ધનનું શ્રીઅંગ પદ્મરાગ (માણેક), મરકતમણિ અને સ્ફટિક જેવું છે. શ્રીગોવર્ધન ભૌતિક સ્વરૂપે શીલામય દેખાય છે પણ પ્રભુ જ્યારે ત્યાં પધારે ત્યારે તે માખણ જેવા કોમળ બની જાય છે તેથી પ્રભુનાં શ્રીહસ્ત, ચરણ, લકુટી અને મુકુટ વગેરે ચિહ્નો તેમાં દેખાય છે. તેઓ શ્રીઠાકોરજીનું સ્વરૂપ પણ છે. શ્રી ભાગવતના દશમ સ્કંધના ચોવીસમા અધ્યાયના પાંત્રીસમાં શ્લોકને જોઈએ-

कृष्णस्त्वन्यतमं रूपं गोपविश्रम्मणं गतः । शैलोऽस्मीति बुवन् भूरि बलिमादद् बृहद्वपुः ।।

શ્રીશુકદેવજી કહે છે ‘‘ભગવાન શ્રીકૃષ્ણ ગોપોને વિશ્વાસ આપવા માટે ગિરિરાજ ઉપર એક બીજું વિશાળ

શરીર ધારણ કરીને પ્રકટ થઈ ગયા તથા ''હું ગિરિરાજ છું'' આવું કહેતાં કહેતાં બધી સામગ્રી આરોગવા લાગ્યા.

અન્નકુટની વધાઈમાં પણ આવો નિર્દેશ છે. શ્રીલલિતાજી શ્રીરાધિકાજીને કહે છે ''ગહે અંગુરીયાઁ બાબા નન્દકી સો ઢોટા બલિ ખાય'' નંદબાબાની આંગળી જેને પકડી છે તે છોકરો જ આ બધો ભોગ આરોગી રહ્યો છે.

શ્રીગિરિરાજજીનાં ત્રણ શિખરો છે. (૧) આદિ શિખર - સારસ્વત કલ્પમાં કૃષ્ણઅવતાર સમયે પ્રભુ અહીં ક્રીડા કરતા. રાધા કુંડથી દાનઘાટી સુધી તેનો વિસ્તાર છે. (૨) મધ્ય શિખર - અત્યારે શ્વેતવરાહ કલ્પ ચાલે છે. અત્યારે કૃષ્ણ આ શિખર પર ક્રિડા કરે છે. ગોવર્ધનથી સુરભિકુંડ સુધી એનો વિસ્તાર છે. (૩) બ્રવી શિખર - હવે પછી ભવિષ્યમાં પ્રભુ આ શિખર પર ક્રિડા કરશે. સુરભિકુંડથી અપ્સરાકુંડ સુધી આ શિખરનો વિસ્તાર છે.

શ્રીગોવર્ધનનું મુખારવિંદ માનસીગંગા છે અને પીઠ પુછરીના લોઠા છે. શ્રીગિરિ-ગોવર્ધનના શ્રીઅંગમાં બિરાજતા તીર્થો નીચે પ્રમાણે છે. (ગર્ગ સંહિતા અનુસાર)

તીર્થ	શ્રીઅંગ	તીર્થ	શ્રી અંગ
માનસીગંગા	નેત્ર	ચીરઘાટ	કમર
રાધાકુંડ	જીહ્વા	ઐરાવતકુંડ	મન
મુકુટચિહ્ન	મુકુટ	પૂછરી ગામ	પુચ્છ
કંદૂકતીર્થ	કૂખ	કૃષ્ણકુંડ	દાઢી
કદંબખંડી	હૃદય	કુસુમસરોવર	કર્ણપ્રદેશ
ઐરાવતનાં ચરણ	ચરણ	પૂજની શિલા	મુખ
ચંદ્રસરોવર	નાસિકા	દ્રોણ તીર્થ	પીઠ
લલિતાકુંડ	કપોલ	શૃંગાર શિલા	જીવાત્મા
વાજનીશીલા	મુખ	ગોવિંદકુંડ	અધર
ગોપકુંડ	કર્ણ	ચિત્રની શીલા	મસ્તક
કોકિલાવન	ઉદર	સુરભિ ગાયના ચરણ	બે પક્ષ

સારસ્વત કલ્પમાં શ્રીગોવર્ધન ૧૪ ગાઉ લાંબા, ૭ ગાંઉ ઉંચા અને ૪ ગાઉ પહોળા હતા. હાલમાં એમની લંબાઈ ૭ ગાઉ અને ઊંચાઈ ૧૦૦ ફૂટ છે.

શ્રીકૃષ્ણચંદ્રે શ્રીગોવર્ધનને ટચલી આંગળીએ ધરીને જ વ્રજની રક્ષા કરી છે. રસખાનજી આથી જ ગાય છે

‘‘પાહન હોં તો વહી ગિરિકો, જો કિયો હરિ છત્ર પુરંદર કારન’’. શ્રીગોવર્ધનના દર્શન માટે તો ઋષિઓ અનેક જન્મો સુધી તપશ્ચર્યા કરતા છતાં શ્રીગોવર્ધનના દર્શન નહોતા થતા. આવા દુર્લભ શ્રીગોવર્ધન આજે આપણને દર્શન આપે છે. એમનું પ્રેમથી પૂજન કરવું જોઈએ. ગોસ્વામી બાલકોની આજ્ઞા લઈ શિલાસ્વરૂપ શ્રીગોવર્ધન ઘરે પધરાવીને તેની પૂજા થઈ શકે. ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ૨૮મી વાર્તા વડનગરના એક નાગરબ્રાહ્મણની છે. શ્રીગુસાંઈજીએ તેને ગોકુલમાં નામ સમર્પણ કરાવેલું. શ્રીગુસાંઈજીએ તેને એક ગોવર્ધન શિલા આપી અને કહેલું કે જો તારા પર સંકટ આવે તો તૂ આ શિલાને દૂધથી ન્હવડાવી, અભ્યંગ કરી યથાશક્તિ સામગ્રી ભોગ ધરીને પછી પ્રાર્થના કરજે. તારું સંકટ દૂર થશે. આ બ્રાહ્મણ વડનગર પાછો આવ્યો. ગોવર્ધન શિલાની પૂજા કરવા લાગ્યો. એકવાર તેણે નાગર જાતિને બ્રહ્મભોજન માટે બોલાવી. નાગરી નાત શિવની ઉપાસક હતી. તેમણે આ બ્રાહ્મણના માથામાં વૈષ્ણવી તિલક જોયું. ગળામાં તુલસીની

માળા જોઈ. આથી તેઓ ક્રોધ કરીને ત્યાંથી ચાલ્યા ગયા. આ વખતે આ બ્રાહ્મણે શ્રીગોવર્ધન શિલાને વિનતી કરી અને કહ્યું કે મારી લાજ આપને હાથ છે. શ્રી ગોવર્ધને કહ્યું, ''આ બ્રાહ્મણોનો મારા પ્રસાદમાં અધિકાર નથી પણ તેમને હું મારું માહાત્મ્ય બતાવીશ. શ્રીગોવર્ધને બધા દેવતાઓને આમંત્ર્યા. વિમાનમાં બેસીને બધા દેવતાઓ આકાશમાં આવ્યા અને પ્રસાદની સુગંધ ગ્રહણ કરવા લાગ્યા. બે હાથ જોડી પ્રસાદને નમન કરવા લાગ્યા. થોડીવાર બાદ બધા દેવતા પાછા સ્વર્ગમાં ગયા. નાગરી નાતે આ માહાત્મ્ય જોયુંને પેલા વૈષ્ણવ બ્રાહ્મણની માફી માંગી.

આ વાર્તાના ભાવ પ્રકાશમાં શ્રીહરિરાય ચરણો આજ્ઞા કરે છે કે વૈષ્ણવને કંઈક સંકટ આવે તો શ્રીગોવર્ધનના શરણે જઉં. એમને પ્રાર્થના કરવી. ઠાકુરજી લીલા પરવસ છે આથી આપને પ્રાર્થના ન કરવી. આપને તેમાં શ્રમ થાય. શ્રી ગોવર્ધન શ્રી વિષ્ણુનું સ્વરૂપ છે અને આગળ ઉપર પણ વ્રજની રક્ષા કરી જ હતી. આથી શ્રીઠાકુરે

શ્રીગોવર્ધનને કુલદેવતા માન્યા છે. સદાય તે વૈષ્ણવની રક્ષા કરે છે. આ ભાવથી વૈષ્ણવોએ પણ શ્રીગોવર્ધનની પરિક્રમા કરવી, પૂજા કરવી. શ્રીગોવર્ધનને દૂધથી ન્હવડાવવા. કારણ દૂધ ઉજ્જવલ ભક્તિ રસનું સ્વરૂપ છે. શ્રીગોવર્ધન હરિદાસવર્ય છે. આથી એઓ ભક્તિરસથી સદાય સ્નાન કરે છે અને આથી જ તે શ્રીઠાકુરને પ્રિય છે.

શ્રી ગોવર્ધનની પ્રેમભરી પૂજા સુંદરશિલા આગળ પણ કરવામાં આવે છે. આ પ્રકારની પૂજાની રીતિ શ્રીકૃષ્ણચંદ્રએ વ્રજવાસીઓને શીખવી હતી. આ પૂજા મંગળા આરતી બાદ શરૂ થાય છે. આ પૂજામાં શ્રી ગોવર્ધનને શ્રમ ન થાય તે ખ્યાલ રાખવો જોઈએ. પૂજન પહેલા સામે શ્રીબેઠકજીમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી, પૂજાની આજ્ઞા માંગવી. ત્યાર પછી શ્રીગોવર્ધનને દંડવત્ પ્રણામ કરી પૂજન માટે આજ્ઞા માંગવી. ત્યાર બાદ જળમાં માનસીગંગાનો ભાવ કરી લોટીથી ધીમે ધીમે સુંદર શિલાને સ્નાન કરાવવું પછી દૂધથી ધીરે ધીરે સ્નાન કરાવવું. પાછું ફરીથી જળથી સ્નાન

કરાવવું. સ્નાન કરાવતાં ખૂબ કોમળતાથી હાથ શ્રીઅંગ પર ફેરવવો. સ્નાન બાદ કોમળ, કોરા, સુતરાઉ વસ્ત્રથી શ્રીઅંગ કોમલતાથી પોછવું. ઋતુ અનુસાર અત્તર સમર્પવું. ધોતી-ઉપરણા ધરવા. કંકુથી તિલક અને કમળપત્ર કરવાં. પુષ્પમાળા ધરાવવી. હાથ ખાસા કરી ઝારીજી ભરી ડાબી બાજુ પધરાવવાં. ચરણારવિંદ પાસેની જમીન ખાસા કરી, દૂધઘરની સામગ્રી ધરવી. ચરણ સ્પર્શ કરી હાથ જોડી શ્રીમહાપ્રભુજીની કાનિથી આરોગવા વિનંતી કરવી. દંડવત્ પ્રણામ કરવાં.

શ્રીગોવર્ધનની પરિક્રમા પણ થાય છે. આ પરિક્રમાનું ઘણું જ માહાત્મ્ય છે. શ્રીગોવર્ધનની ઉપર કહ્યા પ્રમાણે પૂજા કરી પરિક્રમા શરૂ થાય છે. પરિક્રમા કરતી વખતે શ્રીગોવર્ધન આપણા જમણા હાથ તરફ રહેવા જોઈએ. સામાન્યતઃ આ પરિક્રમા નવ કોસી, સાત કોસી અને પાંચ કોસી એમ ત્રણ પ્રકારની થાય છે. ૧ કોસ ઇં ૩ કિ.મી. શ્રીગોવર્ધનધારણ લીલા તામસ સાધન પ્રકરણની લીલા છે. આ દ્વારા પ્રભુએ ભક્તોનો પોતામાં નિરોધ

કર્યો હતો. ભક્તો વ્યસન દશાને પામ્યા હતાં. આથી જ ધોળમાં કહ્યું, ''ત્રીજુ તત્ત્વ શ્રીગોવર્ધન-ગ્રંથ ગઈએજી, ગમતું શ્રી નટવરલાલજીનું થાયેજી''.

શ્રી દયારામભાઈ આ પદ્યરચનામાં છેલ્લે કહે છે :

સેવ્યા ને સમર્યા જેણે શ્રીનંદનંદન શ્રીગોકુળવાસીને
દયાનો પ્રીતમ તેને પ્રેમે પોતાનો કરી હાથ ગ્રહે હસીને (૬)

દયારામભાઈ અહીં શ્રીવલ્લભના માર્ગનો મુખ્ય સિદ્ધાંત યાદ કરાવે છે. વ્રજમંડળમાં તો જઈએ અને ત્યાં જઈ વ્રજરજમાં તનને રોળીયે. શ્રીવૃન્દાવનમાં રાસસ્થલીને પણ નિરખીયે, શ્રીયમુનાજીમાં સ્નાન અને પાન કરીએ, ચોરાશી કોષની પરિક્રમા કરીયે. શ્રીગોવર્ધન અને શ્રીમહારાણીને પ્રેમથી પૂજીએ. આ બધું જ કરીયે પણ છેલ્લે માર્ગના સિદ્ધાંતનું અનુસંધાન પણ દયારામભાઈ કરાવે છે. એઓ કહે છે કે :

સેવા અને સ્મરણ થવા જોઈએ - પોતાના ઘરમાં અને વ્રજયાત્રામાં પણ આ મૂલ સિદ્ધાંતનું આચરણ જરૂરી છે. સેવા અને સ્મરણ કોનાં કરવાના? તો કહે છે

શ્રીનંદનંદનના. આ શ્રીનંદનંદન કેવા? તો કહે છે કે શ્રીગોકુળવાસી. આમ ગોકુળવાસી શ્રીનંદનંદનની સેવા અને આપનું સ્મરણ કરવું જોઈએ. શ્રીઆચાર્ય ચરણોએ પણ એજ આજ્ઞા કરી છે.

''સેવાયં વા કથાયાંવા યસ્યાસક્તિર્દઢાભવેત્
યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપિતી મતિર્મમ્''

જેની આસક્તિ સેવા અને કથામાં છે (અહીં વા સમુચ્ચય વાચક છે) તેવા જીવનો નાશ કોઈ કાળે થતો નથી. સન્મુખમાં થઈએ ત્યારે પ્રભુસેવા અને અનોસર હોય ત્યારે ભગવદ્ ગુણાનુવાદનું શ્રવણ કરવું કે સ્મરણ કરવું. આપણા આચાર્યચરણો એ આ સિદ્ધાંત માત્ર કહ્યો જ છે તેવું નથી પણ જીવનમાં આચર્યો છે. શ્રીમહાપ્રભુજીની વધાઈમાં જોઈએ.

ભોજન કર વિશ્રામ તનક લે નિજ મંડલી બુલાઈ
વેણુગીત પુન યુગલગીત કી રસબરખા બરસાઈ

અનોસરમાં શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને

સુબોધિની સમજાવતાં સન્મુખમાં શ્રીગોવર્ધનનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીની સેવા કરતાં શ્રીઆચાર્ય કુલમાં આજે પણ આજ પરંપરા જોવા મળે છે જ.

સેવા અને સ્મરણ એ કૃષ્ણના જે ગોકુળમાં નંદબાવાના ઘરે અને મા યશોદાની કુખે પ્રગટયા છે. શ્રી મહાપ્રભુજી આ સ્વરૂપની સેવા અને સ્મરણના આગ્રહી છે. કારણ આ સ્વરૂપ લોકવેદાતીત પૂર્ણ પુષ્ટિ પુરુષોત્તમનું ધર્મી સ્વરૂપ છે. પૂર્ણત્વ માત્ર આજ સ્વરૂપમાં છે. આથી જ જે ગોકુળવાસી બની શ્રીનંદનંદન બન્યા છે. તે સ્વરૂપની સેવા અને સ્મરણ કરવાનું આપણને શ્રીદયારામભાઈ યાદ કરાવે છે. 'ગો' શબ્દના ઘણા અર્થ છે. તે પૈકી એક અર્થ છે - ઈન્દ્રયો. આપણું શરીર ઈન્દ્રિયોનું બનેલું છે. 'કુલ' એટલે સમુહ. એટલે ઈન્દ્રિયોનો સમૂહ તે પણ ગોકુલ છે. પ્રભુ તેમાં વસે જ છે. સેવા અને સ્મરણના રસથી આપણે આપણી ઈન્દ્રિયોને પોષવી જોઈએ. પોષણનું એ કાર્ય પ્રભુ અવશ્ય જ કરે છે.

સેવા શબ્દ સેવન પરથી બન્યો છે. સેવા કેવી

જોઈએ ? પક્ષી પોતાના ઈંડાને સેવે છે એનું સ્મરણ કરી લેવું. સેવનમાં આત્મીયતા છે. સાવધતા છે. સતત પણું છે. નિયમિતીતતા છે. ઉષ્મા છે. રક્ષણ છે. આમ આપણે પણ આપણા સેવ્ય સ્વરૂપમાં આત્મીયતા કેળવવી જોઈએ. સેવામાં સાવધતા, નિયમીતતા, ઉષ્ણ (તાપ) ભાવ વગેરે લક્ષણો કેળવવા જોઈએ. સ્મરણ પણ એવું હોવું જોઈએ કે આપણા લૌકિક સ્મરનું હનન થઈ જાય આપણી લૌકિક કામનાઓ હણાઈ જાય અને હરાઈ જાય.

દયારામભાઈ કહે છે કે જો આવું જીવન જીવાય તો પ્રીતમ-પ્રભુ પ્રેમથી આવા ભક્તનો હાથ પકડે છે. હાથ પકડતાં પ્રભુ હસી પડે છે. અર્થાત્ પ્રભુ આવા ભક્તને નિજજન બનાવી દે છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું એટલે પુનઃ સ્મરણ કરીયે ''તસ્ય નાશો ન ક્વાપિતી મતિર્મમ''. આવા જીવનો ક્યારેય નાશ થતો નથી.

આ બે મહાનુભાવોના આશિષનો અને આપ વૈષ્ણવોના સ્નેહનો અનુભવ આજે થઈ રહ્યો છે. ''ધન્ય ભાગ જેણે વ્રજમંડળ જોયું.''

છ ટૂક અને બાર પંક્તિઓવાળું આ પદ્ય મને ગમ્યું. તે દ્વારા છ ગુણો અને બાર અંગવાળા શ્રી ભાગવતપુરુષને રીઝવવા મારા જેવા અબુધની આ અલ્પ નામ સેવા હતી. જ્યાં આપ સૌ આનંદયા હો ત્યાં મારા શ્રીગોવર્ધનનાથજીનો અનુગ્રહ જાણજો. જ્યાં કંઈક ખૂંચ્યું હોય, ખુટતું લાગ્યું હોય તે આ પ્રમાદી જીવનો સ્વભાવ ગણી મને ક્ષમા આપશો.

આ પદમાં પ્રભુના છ ગુણો અને બાર લીલાઓ :

જેનુ ધન્ય ભાગ્ય ભવ માંહ્ય જેણે વ્રજમંડળ જોયું
જેણે વ્રજરજમાં તન રોળ્યું તેણે જન્મ મરણ ખોયું. (૧)

આ ટુકમાં ભગવાનનો ઐશ્વર્ય ગુણ છે. ઐશ્વર્ય એ પ્રભુનું એવું સામર્થ્ય છે કે જે રંકને રાય બનાવે. અજ્ઞાનીને જ્ઞાની બનાવે. મહામૃત્યુમાંથી અમૃત સમીપે લઈ જાય. મનુષ્ય દેહ આપવો, વ્રજમંડળની ઝાંખી કરાવવી, વ્રજરજમાં લોટવાનું સુખ આપવું અને આટલા જ સાધનથી જન્મ મરણના વિષચક્રમાંથી છોડાવવું, આ જ પ્રભુનો ઐશ્વર્ય ધર્મ.

પ્રથમ પંક્તિમાં - માનવદેહ આપી વ્રજમંડળમાં લઈ જવું તે કૃપાળુ પ્રભુની અધિકાર લીલા છે. વ્રજમંડળમાં જવાનો આપણે અધિકાર મળ્યો.

બીજી પંક્તિમાં - વ્રજરજમાં તનને રોળવાનું સાધન કરાવ્યું આ સાધનલીલા થઈ.

શ્રીવૃન્દાવન રાસરમણ સ્થળ જેને નયને નિરખ્યું
તેના ભાગ્યમાં કેટલું સુખ છે તે કોઈએ ન જાય પરખ્યું. (૨)

આ ટૂકમાં ભગવાનનો વીર્ય ગુણ છે. જીવમાં પ્રભુ સંબંધ ન રહેતાં અને અવિદ્યાનો સંબંધ થતાં સર્વ પ્રકારનાં દુઃખો ભોગવવા પડે છે. પ્રભુ અહીં જીવને અમાપ સુખ આપે છે. દુઃખ નથી રહેતાં. આ જ વીર્ય ધર્મ.

ત્રીજી પંક્તિમાં અલૌકિક શ્રીવૃન્દાવનની ઉત્પત્તિ છે. આ વિસર્ગ લીલા થઈ. શ્રીવૃન્દાવન અને રાસ વિશિષ્ટ સર્ગ છે.

ચોથી પંક્તિમાં મનુષ્ય તેનુ ભાગ્ય અને સુખની વાત છે તે દ્વારા સર્ગલીલા નિરૂપિત છે.

શ્રીયમુનાજળ સ્થાન પાન સેહેજે જેને નૂતન તનુ મળિયું
કદાપિ કુચ્છિત કર્મ બને તો એ જમપુરી જાવું ટળિયું. (૩)

આ ટૂકમાં યશ ધર્મ છે. દાન કરનારનો યશ ગવાય છે. નૂતન તનુ મળવું અને જમપુરીથી ટળવું, આ લીલા પ્રભુનો યશ ધર્મ છે.

પાંચમી પંક્તિમાં શ્રીયમુના જળમાં સ્નાન કરવું. શ્રીયમુનાજળનું પાન કરવું તે આ સમયના મનવંતરમાં પુષ્ટિજીવે પાળવાનો ધર્મ બતાવ્યો. આ મનવંતર લીલા થઈ.

છટ્ઠી પંક્તિમાં કુચ્છિત કર્મનું સૂચન અસદ્‌વાસનાને દર્શાવે છે. જમપુરીથી બચવાની ઈચ્છા સદ્‌વાસના છે. આમ અહીં ઉતિ લીલાનું અનુસંધાન છે.

ચોરાશી કોસની પરિક્રમા કીધી તેને ચોરાશી નથી ભળવું.
વન ઉપવન જોઈ આનંદ આવ્યો તેને હરિસંગ ઠર્યું રમવું. (૪)

આ ટૂકમાં શ્રી ધર્મ છે. ચોરાશી કોસ અને તેમાંનાં વન ઉપવન તે પ્રભુની શોભારૂપ છે. આ થયો શ્રી ધર્મ.

સાતમી પંક્તિમાં ચોરાશી કોસની પરિક્રમા કરાવવા રૂપી પોષણ છે. જીવને ૮૪ લાખમાંથી ઉગારવા રૂપી પોષણ છે. આ પોષણલીલા થઈ. આઠમી પંક્તિમાં હરિ સંગ કરવાનાં અને હરિ સાથે રમવાના સ્થાનનું નિર્દેશન છે. આ સ્થાનલીલા થઈ.

શ્રીગોવર્ધન મહારાણી જેણે પ્રેમ ધરીને પૂજ્યાં
તેની એકોત્તરશત્ પેઢી તરી તેને હરિનાં ચરણ સૂઝયાં (૫)

આ ટૂકમાં જ્ઞાન ધર્મ છે. અજ્ઞાન (માયા)રૂપી અંધકારમાં હરિ સ્વરૂપ સૂઝતું નથી. હરિ સંબંધી, અજ્ઞાન, અન્યથા જ્ઞાન અને વિપરીત જ્ઞાન દૂર થઈ હરિ ચરણનાં દર્શન થયા. આ જ્ઞાન ધર્મનું લક્ષણ છે.

નવમી પંક્તિમાં પ્રભુ સ્વરૂપ શ્રીગોવર્ધન અને શ્રીમહારાણીમાં જ પ્રેમ-આસક્તિનું નિરૂપણ છે. આ બે તત્ત્વ સિવાયના જગતની વિસ્મૃતિ અહીં છે. આમ આ નિરોધલીલા છે.

દશમી પંક્તિમાં આવા નિરોધ યુક્ત ભક્તનું તેની ઈકોતેર પેઢી તારવાનું સામર્થ્ય બતાવ્યું. આ ઈશાનું કથા

લીલા થઈ. ઈશના ચરણ સુઝનાર ઈશનું સેવન કરે અનુસરણ કરે. આમ આ ઈશાનુ કથા લીલા છે.

સેવ્યાને સમર્યા જેણે શ્રીનંદનંદન શ્રીગોકુળવાસીને
દયાનો પ્રીતમ તેને પ્રેમે પોતાનો કરી હાથ ગ્રહે હસીને (૬)

આ ટૂકમાં વૈરાગ્ય ગુણ છે. પ્રભુને પોતાના જનો માટે જ પ્રેમ છે. તે સિવાય પ્રભુને કશામાં રસ નથી. કારણ આ ભક્તોએ પણ માત્ર શ્રીનંદનંદનને જ સેવ્યા અને સ્મર્યા. ભક્તનો આ વૈરાગ્ય ધર્મ. આ ભક્તનો હાથ પ્રેમથી પકડવો તે પ્રભુનો વૈરાગ્ય ધર્મ.

અગિયારમી પંક્તિમાં જીવે નંદનંદનને સેવી અને સ્મરીને ભગવદ્ આશ્રય કર્યો છે. આ થઈ આશ્રય લીલા.

બારમી પંક્તિમાં પ્રભુ પ્રેમથી આવા જીવોનો હાથ ગ્રહી પોતાનો કરવા રૂપી પુષ્ટિ માર્ગીય મોક્ષ (મુક્તિ) લીલા પ્રગટ કરી. ''માત્ર કૃષ્ણના જ બનવું તે પુષ્ટિમાર્ગીય મોક્ષ.'' (**શ્રીવલ્લભ**)

અહીં શ્રીભાગવતની લીલાનો ક્રમ સચવાયો નથી. પણ આ સહજ છે. ભગવદ્ ગુણગાનના સ્મરણ અને

ગાન રૂપી આનંદ સાગરમાં ડૂબકી લગાવતાં જે લીલા સહજ રીતે પ્રથમ દેખાય તે વર્ણાવી દેવાય છે.

ઈંદ્રમાન ભંગના એક પદમાં વર્ણન છે -

ગિરિ ધર્યો, તૃણાવર્ત માર્યો, જીયો નંદકો ઢોટ

તૃણાવર્ત વધ લીલા પહેલાં છે. અહીં પછી ગાઈ છે. **''ચિરંજીયો લાલ ગોવર્ધનધારી''** પદમાં ગાયું કે **'નલકૂબેર મણિગ્રીવ ઉબારે બાલક દસા પૂતના મારી.** પૂતના વધ લીલા પહેલાં થઈ. નલકૂબેર મણિગ્રીવ ઉદ્ધાર લીલા પછી થઈ. અહીં ક્રમમાં ઉંધું છે. પ્રભુ ગુણગાન સાગરમાં ડૂબવાનો આ જ આનંદ છે. ક્રમની મર્યાદા ભૂલાય તે પુષ્ટિની નિશાની છે.

।। श्री हरिः ।।

परिषद् क्यों?

आज जनतन्त्र का युग है । जनतंत्र में संगठित आवाज को ही सुना जाता है। किसी सम्प्रदाय या समाज की उन्नति के लिये यह आवश्यक है कि उसके सदस्यों में विचारों का पारस्परिक आदान-प्रदान होता रहे और समस्याओं को हल करने के लिए संगठित प्रयास हो । संगठन के अभाव में उनकी सर्वथा उचित माँगो पर भी कोई ध्यान नहीं देता ।

महाप्रभु श्रीमद् वल्लभाचार्यजी के अनुयायी पुष्टिमार्गीय वैष्णवों को भी संगठन के सूत्र में बाँधना युग की माँग है। यदि श्री महाप्रभुजी के मानव कल्याणकारी संदेश को जन-जन तक पहुँचाना है तो उनके साहित्य के संरक्षण और लोक भाषा में उसके प्रकाशन के लिये योजनाबद्ध कार्य करना होगा । यह विराट कार्य एक व्यवस्थित संगठन द्वारा ही संभव है । यह कार्य पुष्टिमार्गीय वैष्णव परिषद् को करना है ।

पुष्टिमार्गीय परम्पराओं और मर्यादाओं पर पूज्य गोस्वामी बालकों और मंदिरों की व्यवस्थाओं पर तथा हमारे आचार विचारों पर अनेक प्रकार के निराधार आरोप और आक्षेप समय-समय पर लगाये जाते रहे हैं । इससे हमारे सम्बन्ध में गलत धारणाएँ बनती हैं । उसका प्रतिकार करने के लिये भी वैष्णवों का उचित संगठन होना नितान्त आवश्यक है ।

नई पीढ़ी को वैष्णव संस्कारों और धार्मिक शिक्षा की नितांत आवश्यकता है । उसके लिये व्यवस्थित रूप से संस्कार शिविरों, पाठशालाओं, धार्मिक पुस्तकों आदि की आवश्यकता है। यह महान् कार्य को केवल सुदृढ़ केन्द्रीय संगठन ही कर सकता है। समाज में अनेक प्रकार की बुराईयाँ व्याप्त हैं । उन्हें केवल और केवल सत्साहित्य, सत्संग और सत्प्रयासों से ही दूर किया जा सकता है।

शेष अंदर के प ो पर

इन सब महत्त्वपूर्ण कार्यो के लिये अपनी भूमिका निभाने हेतु अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद् हमेशा तैयार थी, तैयार है और भविष्य में भी तैयार रहेगी । यह प्रत्येक पुष्टिमार्गीय वैष्णव की अपनी संस्था है, उनका अपना संगठन है । आप पुष्टिमार्गीय वैष्णव हैं । जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी के दिव्य सिद्धान्तों, सेवा-प्रणाली तथा जीवन-पद्धति को गहराई से समझने और अपने-अपने परिवार के सदस्यों को समझाने और उसका परिपालन करने के लिये आप भी इस केन्द्रीय संगठन से जुड़े हैं । परिषद् युगनिर्माणकारी कार्यक्रम चला रही है । इसमें आपका भी हार्दिक स्वागत है । आइये अपनी प्रतिभा, अपनी योग्यता और अपने सभी साधनों द्वारा वैष्णव समाज को उन्नत बनाने में पूरा-पूरा सहयोग दीजिये ।

किसी की चार दिन की जिन्दगी, सौ काम करती है ।
किसी की सौ वर्ष की जिन्दगी कुछ काम नहीं करती ।।

साभार -
अंतर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
केन्द्रीय कार्यकारिणी
वर्ष २००९-२०११
परिचय-पुस्तिका